**Extra No. 33**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  TUESDAY, JANUARY 13, 2026 / PAUSHA 23, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના તારીખઃ ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૪ના સરકારી જાહેરનામા ક્રમાંકઃ જીએમ/૨૦૪/૨૦૨૪/આરડી/ડબલ્યુઓએસ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૩/૩૭૬૪/એચ.-ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**રાજેશ આર. રાઠોડ,**

સરકારના નાયબ સચિવ.

**NOTIFICATION**

***Regarding***

**The District Inspector of Land Records, Class II,**
**(Special Competitive Examination) Rules, 2024**

**જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨, (ખાસ સ્પર્ધાત્ક પરીક્ષા) નિયમો, ૨૦૨૪ સંબંધી**

**જાહેરનામું**

**મહેસૂલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓગસ્ટ, ૨૦૨૪

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક. જીએમ/૨૦૪/૨૦૨૪/આરડી/ડબલ્યુઓએસ/ઈ-ફાઈલ/૧૫/૨૦૨૩/૩૭૬૪/એચઃ-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, જવાબંદી કમિશનરની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨ -ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાની પદ્ધતિનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છેઃ-

૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ,-

(૧) આ નિયમો જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨, (ખાસ સ્પર્ધાત્ક પરીક્ષા) નિયમો, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, જમાબંદી કમિશનરની કચેરી અને જમીન દફતર નિયમાકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨ -ની જગા પર બઢતીથી નિમણૂક મેળવવાને પાત્ર હોય તેવી વ્યક્તિઓને લાગુ પડશે.

(૩) તે રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યા.- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) ‘‘પરિશિષ્ટ’’ એટલે આ નિયમો સાથે જોડેલું પરિશિષ્ટ;

(ખ) ‘‘આયોગ’’ એટલે ગુજરાત જાહેર સેવા આયોગ (જી.પી.એસ.સી.);

(ગ) ‘‘જિલ્લા જમીન દફતર નિરીક્ષક’’ એટલે આ નિયમો સાથે જોડેલા એનેક્ષરમાં સમાવિષ્ટ જગા.

(ઘ) ‘‘પરીક્ષા’’ એટલે આ નિયમોમાં નિર્દિષ્ટ કરેલ લેખિત પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટી સહિતની જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨ -ની જગા પર બઢતી માટે ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા;

(ચ) ‘‘સરકાર’’ એટલે ગુજરાત સરકાર;

(છ) ‘‘પ્રશ્નપત્ર’’ એટલે પરીક્ષા ખાતેનો કોઇ પ્રશ્નપત્ર સેટ;

(જ) ‘‘સંબધિત ભરતી નિયમો’’ એટલે ગુજરાત રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨-ની જગા માટે ઠરાવેલા ભરતી નિયમો.

૩. પરીક્ષામાં પ્રવેશ માટેની પાત્રતા.-

પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા સિનિયર સર્વેયર,-

(ક) જેણે જે મહિનામાં જિલ્લા જમીન દફતર નિરીક્ષક તરીકે બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવાની હોય તેની તરત જ પહેલાંના મહિનાની છેલ્લી તારીખે, સિનિયર સર્વેયર, વર્ગ ૩ ના સંવર્ગમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય; અને

(ખ) જે સંબંધિત ભરતી નિયમો હેઠળ ઠરાવેલી સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨-ની જગા માટે, જરૂરી લાયકાતો ધરાવતો હોય.

તે પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર (લાયક) ગણાશે.

૪. પરીક્ષા યોજવા બાબત,- (૧) આયોગે, સરકાર પાસેથી માંગણી પત્રક મળ્યેથી, ગુજરાત રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ ૨ -ની જગા પર બઢતી માટે ઉમેદવારોની પસંદગી માટે, ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવી જોઇશે.

(૨) અરજી મંગાવવાની અને અરજીઓની ચકાસણી કરવા માટેની કાર્યરીતિ, મહેસૂલ વિભાગ નક્કી કરે તેવી રહેશે અને મહેસૂલ વિભાગ-એ, પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા પાત્ર ઉમેદવારોની વિગતો દર્શાવતું પત્રક, આયોગને મોકલવું જોઇશે.

(૩) પરીક્ષાની તારીખ, સમય અને સ્થળ, આયોગ દ્વારા નક્કી કરવામાં આવશે.

(૪) ઉમેદવારોએ, પરીક્ષાના તમામ તબક્કે આયોગ જાહેર કરે તેવી તારીખે, સમયે અને સ્થળોએ, સ્વ-ખર્ચે, હાજર રહેવું પડશે.

૫. પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની અરજી.-

(૧) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા હોય તેવા પાત્ર ઉમેદવારે. પરિશિષ્ટ-૨-માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના નમૂનામાં અરજી કરવી જોઇશે. જમીન દફતર અધીક્ષક, પરિશિષ્ટ-૨-માં સામેલ વિગતોની ખરાઇ કરશે અને પરિશિષ્ટ-૩-માં, ઉમેદવારની પાત્રતા પ્રમાણિત કરશે.

(૨) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા ઇચ્છતા પાત્ર ઉમેદવારે, આયોગ નક્કી કરે તે રીતે, આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તેટલી પરીક્ષા ફી ચૂકવવાની રહેશે.

(૩) એક વખત ભરી દીધેલી ફી, રિફંડ (પરત) કરવામાં આવશે નહિ અને તે ફી, ત્યાર પછીની પરીક્ષા માટે રોકી (અટકાવી) રાખવામાં આવશે નહિ.

૬. પરીક્ષા પદ્ધતિ અને અભ્યાસક્રમ,-

(૧) પરીક્ષા, પરિશિષ્ટ-૧-નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ક્રમિક બે તબક્કામાં યોજવામાં આવશે.

(૧) લેખિત પરીક્ષા.

(૨) વ્યક્તિત્વ કસોટી.

(૨) આયોગે, સરકાર પાસેથી માંગણી પત્રક મળ્યેથી, દરેકના ૧૦૦ (એક સો) ગુણ એવા પાંચ પ્રશ્નપત્રો ધરાવતી લેખિત પરીક્ષા યોજવી જોઇશે. તમામ પ્રશ્નપત્રો, વર્ણનાત્મક પ્રકારના રહેશે.

(૩) પ્રશ્નપત્ર ૫ કે જે પ્રશ્નપત્રમાં આપેલી સૂચનાઓ મુજબ, અંગ્રેજી અથવા ગુજરાતીમાં લખવું જરૂરી છે તે સિવાય, લેખિત પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે.

(૪) પરીક્ષાનો અભ્યાસક્રમ, પરિશિષ્ટ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનો રહેશે.

(૫) વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવાના ઉમેદવારોની સંખ્યા, સામાન્ય રીતે માંગણી પત્રકમાં જણાવવામાં આવેલી ખાલી જગાની સંખ્યા કરતા ત્રણ ગણી હોવી જોઇશે.

૭. આયોગનો નિર્ણય આખરી રહેશે.- (૧) ઉમેદવાર,-

(ક) જગાના સંબંધિત ભરતી નિયમો હેઠળની જરૂરી લાયકાતો ધરાવે છે.

(ખ) તેણે એનેક્ષર-૨-માં અરજી સાથે જરૂરી ફી ભરેલી છે, અને

(ગ) તમામ બાબતોમાં પાત્રતા ધરાવે છે અને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટેની તમામ જરૂરિયાતોનું તેણે પાલન કર્યું છે. તે બાબતોની આયોગને ખાતરી થાય તે સિવાય, કોઇપણ ઉમેદવારને, પરીક્ષામાં ઉપસ્થિત રહેવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

(૨) પરીક્ષામાં પ્રવેશ માટેની ઉમેદવારની પાત્રતાની બાબતમાં આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૩) પાછળથી, કોઇપણ સમયે, ઉમેદવાર પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અપાત્ર જણાય, તો તેની ઉમેદવારી રદ થયેલી ગણાશે અને તેની પસંદગી અગાઉ થઇ ગયેલ હોય અને નિમણૂક થઇ ગયેલ હોય, તો તેની નિમણૂક શરૂઆતથી જ રદબાતલ ગણાશે.

૮. લેખિત પરીક્ષા પાસ કરવા માટેના ધોરણ.-

(૧) દરેક વિષયની લેખિત પરીક્ષા પાસ કરવા માટેનું લાયકી ધોરણ, આયોગ દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવશે. આયોગ, જરૂરી હોય, તો અનામત કક્ષા (વર્ગ) ના ઉમેદવારો માટે અલગ લાયકી ધોરણો નક્કી કરશે.

(૨) આયોગે નક્કી કરેલા લાયકી ધોરણ અનુસાર, લેખિત પરીક્ષામાં લાયક ઠરેલ ઉમેદવારને જ વ્યક્તિત્વ કસોટી માટે બોલાવવામાં આવશે.

(૩) ઉમેદવારોએ, લેખિત પરીક્ષા અને વ્યક્તિત્વ કસોટીમાં મેળવેલ કુલ ગુણ, તેમનો આખરી ક્રમાંક નક્કી કરશે.

૯. પરીક્ષા ખંડમાં અમુક સાધનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ (મનાઇ).- ઉમેદવારને પરીક્ષા ખંડમાં, લેપટોપ, ટેબલેટ, સેલ્યુલર ફોન, કેલ્ક્યુલેટર, પેજર અથવા આઇપોડ વગેરે જેવા સંદેશાવ્યવહારના બીજા કોઇ ઇલેક્ટ્રોનિક સાધનો પોતાની સાથે લઇ જવાની પરવાનગી આપવામાં આવશે નહિ.

૧૦. શિસ્તવિષયક કાર્યવાહી.-

કોઇપણ ઉમેદવાર,-

(ક) પોતાની ઉમેદવારી માટે કોઇપણ રીતે ટેકો મેળવવા માટે;

(ખ) બીજાનું નામ ધારણ કરવા માટે;

(ગ) કોઇ વ્યક્તિ પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે;

(ઘ) બનાવટી દસ્તાવેજો અથવા જેની સાથે ચેડાં કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે;

(ચ) ભૂલવાળા અથવા ખોટા અથવા મહત્ત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે;

(છ) પરીક્ષા માટે પોતાની ઉમેદવારીના સંબંધમાં, બીજા કોઇ નિયમ વિરુદ્ધના અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે;

(જ) પરીક્ષા દરમિયાન, ગેરવાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે;

(ઝ) લખાણોમાં અર્થહીન (બેહૂદી) ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અસંગત (અપ્રસ્તુત) બાબત લખવા માટે;

(ટ) પરીક્ષા ખંડમાં બીજી કોઇ રીતે ગેરવર્તણૂક કરવા માટે;

(ઠ) પરીક્ષાના સંચાલન માટે, આયોગે કામે રાખેલ કર્મચારીવર્ગને હેરાન કરવા અથવા શારીરિક રીતે નુકશાન કરવા માટે;

(ડ) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા તે પૈકીના કોઇપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથાપ્રસંગ, તેમાં મદદગારી કરવા માટે; અથવા

(ઢ) પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે, તેને પરવાનગી આપતા તેના પ્રવેશ પ્રમાણપત્રમાં ઠરાવવામાં અને નિર્દિષ્ટ કરવામાં આવેલી કોઇપણ શરતોનો ભંગ કરવા માટે, આયોગે તેને દોષિત જાહેર કર્યો હોય, તો તે ખાતાકીય તપાસને પાત્ર થશે, તે ઉપરાંત-

(૧) તે, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી આયોગ દ્વારા તેને ગેરલાયક ઠરાવવાને; અથવા

(૨) કોઇ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અથવા સંબંધિત જગા માટે ઉમેદવારીમાં આયોગ દ્વારા કાયમી ધોરણે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત રહેવાને; અથવા

(૩) સંબંધિત નિયમો હેઠળ શિસ્તવિષયક કાર્યવાહીને, પાત્ર થશે.

૧૧. પરીક્ષાના કોઇ તબક્કે ઉપસ્થિત રહેવામાં ચૂક કરવા બાબત.- જે ઉમેદવાર, નિર્દિષ્ટ તારીખે અને સમયે પરીક્ષાના કોઇ તબક્કામાં ઉપસ્થિત રહેવામાં ચૂક કરે, તે પસંદગી માટે પાત્ર ગણાશે નહિ.

૧૨. પસંદગી યાદી તૈયાર કરવા બાબત.- આયોગે, માંગણી મુજબની જગાની સંખ્યાના પ્રમાણમાં, દરેક ઉમેદવારે પરીક્ષામાં મેળવેલ આખરી એકંદર (કુલ) ગુણના આધારે, ગુણવત્તા ક્રમમાં સફળ ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરવી જોઇશે.

૧૩. પરિણામની પ્રસિદ્ધિ.- આયોગે, પરીક્ષાનું પરિણામ, નીચે મુજબ બે ભાગોમાં પ્રસિદ્ધ કરવું જોઇશે.

ભાગ ૧: સફળ ઉમેદવારોનું પરિણામ, ગુણવત્તા ક્રમમાં તૈયાર કરવામાં (ગોઠવવામાં) આવશે, જેમાં તેમના નામ, બેઠક ક્રમાંક અને તેમને મળેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરવામાં આવશે અને તે પરિણામ, આયોગના નોટિસ બોર્ડ અને આયોગની અધિકૃત વેબ-સાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે અને આવી રીતે પ્રસિદ્ધ કરેલા પરિણામની નકલ, સરકારમાં મહેસૂલ વિભાગને મોકલવામાં આવશે.

ભાગ ૨: અસફળ ઉમેદવારો જેઓ ભાગ-૧માં સામેલ ન હોય તેમનું પરિણામ, તેમના નામ, બેઠક ક્રમાંક અને તેમને મળેલા કુલ ગુણ નિર્દિષ્ટ કરવામાં આવશે અને તે પરિણામ, ઓયોગના નોટિસબોર્ડ અને આયોગની અધિકૃત વેબ સાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૪. નિમણૂક.- પસંદ થયેલા ઉમેદવારોની નિમણૂક, આયોગે તૈયાર કરેલ ગુણવત્તા યાદીમાંના તેમના ક્રમાંક મુજબ ચુસ્ત રીતે કરવાની રહેશે.

૧૫. નિમણૂક અંગેનો કોઈ હક મળશે નહિ.- સફળ ઉમેદવારોને, સામાન્યત:, ભરવાની થતી જગાની સંખ્યાના પ્રમાણમાં, આયોગે નક્કી કરેલા ગુણવત્તા ક્રમમાં, સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨-ની જગા પર નિમણૂક આપવા માટે વિચારણામાં લેવામાં આવશે.

પરીક્ષામાં માત્ર સફળ થવાથી જ ઉમેદવારને નિમણૂક અંગેનો કોઈપણ હક મળશે નહિ અને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી નિમણૂક કરનાર અધિકારીને એવી ખાતરી થાય કે તે જગા પર અને જાહેર સેવામાં નિમણૂક માટે ઉમેદવાર તમામ રીતે યોગ્ય છે તે સિવાય, સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨-ની જગા પર, કોઇ ઉમેદવારની નિમણૂક કરી શકાશે નહિ.

## પરિશિષ્ટ-૧

## (જુઓ નિયમ ૬)

જમાબંદી કમિશનરની કચેરી અને જમીન દફતર નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨-ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષાની યોજના અને અભ્યાસક્રમ.

(૧) લેખિત પરીક્ષા ૫૦૦ (પાંચ સો) ગુણની રહેશે, જેમાં નીચે દર્શાવ્યા પ્રમાણે પાંચ પ્રશ્નપત્રો રહેશે:-

| પ્રશ્નપત્ર ૧ (સમયગાળો ૩ કલાક) (વર્ણનાત્મક) | ગુણ |
|---|---|
| ૧. ભારતનું સંવિધાન (ક) અનુચ્છેદ ૨૨૬, ૩૦૯, ૩૧૦ અને ૩૧૧; (ખ) મૂળભૂત હકો- અનુચ્છેદ ૧૨ થી ૩૫; (ગ) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો- અનુચ્છેદો ૩૬ થી ૫૧; (ઘ) ગુજરાત જાહેર સેવા આયોગની ભૂમિકા અનુચ્છેદ- ૩૨૦; (ચ) સાતમી અનુસૂચિ- સંઘ યાદી, રાજ્ય યાદી અને સમવર્તી યાદી. | ૨૫ |
| ૨. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮. | ૧૫ |
| ૩. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૦ અને લોકપ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧; તે હેઠળ કરેલા નિયમો | ૧૦ |
| ૪. ગુજરાત મુલકી સેવા (વર્તણૂક) નિયમો, ૧૯૭૧ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧. | ૧૫ |
| ૫. ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭. | ૧૫ |
| ૬. ગુજરાત નાણાકીય નિયમો, ૧૯૭૧. | ૧૦ |
| ૭. મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો, ૧૯૫૯. | ૧૦ |
| કુલ:- | ૧૦૦ |

| પ્રશ્નપત્ર ૨ (સમયગાળો ૩ કલાક) (વર્ણનાત્મક) | ગુણ |
|---|---|
| ૧. ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ, ૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસૂલ નિયમો, ૧૯૭૨. | ૪૦ |
| ૨. ગુજરાત ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ અને તે હેઠળ કરેલા નિયમો. | ૧૦ |
| ૩. મામલતદાર કોર્ટ અધિનિયમ, ૧૯૦૬. | ૧૦ |
| ૪. મુદત અધિનિયમ, ૧૯૬૩ (કલમો ૩ થી ૧૪) | ૨૦ |
| ૫. ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ અને તે હેઠળ કરેલા નિયમો. | ૧૦ |
| કુલ:- | ૧૦૦ |

| પ્રશ્નપત્ર ૩ (સમયગાળો ૩ કલાક) (વર્ણનાત્મક) | ગુણ |
|---|---|
| ૧. ગુજરાતના સંદર્ભમાં સરવે અને જમાબંદી નિયમસંગ્રહ.<br>(૧) જમીન મહેસૂલ વહીવટની બ્રિટિશ પદ્ધતિ.<br>(૨) મૂળ પતાવટો. | ૪૦ |

| પ્રશ્નપત્ર ૩ (સમયગાળો ૩ કલાક) (વર્ણનાત્મક) | ગુણ |
|---|---|
| (૩) ફેરતપાસ પતાવટો.<br>(૪) ભોગવટાનો ઈતિહાસ.<br>(૫) ભોગવટો કરનારના અધિકારો અને જવાબદારીઓ.<br>(૬) ઈનામ ભોગવટા-હક (જમીન સત્તાપ્રકાર).<br>(૭) પ્રકીર્ણ ભોગવટા-હક. | |
| ૨. સિટી સરવે | ૨૦ |
| ૩. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮. | ૧૦ |
| ૪. રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮. | ૧૦ |
| ૫. મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨. | ૧૦ |
| ૬. હિન્દુ વારસા અધિનિયમ, ૧૯૫૬. | ૧૦ |
| કુલ:- | ૧૦૦ |

| પ્રશ્નપત્ર ૪ (સમયગાળો ૩ કલાક) (વર્ણનાત્મક) | ગુણ |
|---|---|
| ૧. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫. | ૧૫ |
| ૨. ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ, ૨૦૨૦. | ૧૫ |
| ૩. ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦૦૩ | ૧૦ |
| ૪. ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ | ૨૦ |
| ૫. જમીન સંપાદન, પુન: સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર અધિનિયમ, ૨૦૧૩ અને જમીન સંપાદન પુન: સ્થાપન અને પુનર્વસનમાં વાજબી વળતર અને પારદર્શિતાનો અધિકાર (ગુજરાત) નિયમો, ૨૦૧૭. | ૨૦ |
| ૬. ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ, ૨૦૧૩. | ૨૦ |
| કુલ:- | ૧૦૦ |

| પ્રશ્નપત્ર ૫ (સમયગાળો ૩ કલાક) (વર્ણનાત્મક) | ગુણ |
|---|---|
| ૧. ગુજરાતી ભાષા- ૭૦ ગુણ.<br>અર્થગ્રહણ (કોમ્પ્રિહેન્શન) (૫ ગુણ).<br>નોંધ લેખન (કલેક્ટરને જમીન સંબંધી દરખાસ્તની રજૂઆત) (૧૦ ગુણ).<br>મહેસૂલ સંબંધી વિષય પર જાહેર નોટિસ. (૧૦ ગુણ).<br>ફલૅગશિપ અને ટાઈટલ સ્કીમ પર નિબંધ (૩૦૦ શબ્દો કરતાં વધારે નહિ) (૧૫ ગુણ).<br>સાર લેખન (૧૦ ગુણ).<br>કચેરી કાર્યપદ્ધતિ નિયમસંગ્રહ (બિન-સચિવાલય માટે) (૨૦ ગુણ.) | ૭૦ |
| ૨. અંગ્રેજી ભાષા- ૩૦ ગુણ.<br>અંગ્રેજી વ્યાકરણ (૧૫ ગુણ).<br>ગુજરાતીમાંથી અંગ્રેજીમાં લેખન (૫ ગુણ).<br>અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર(૧૦ ગુણ). | ૩૦ |
| કુલ:- | ૧૦૦ |

નોંધ:- (૧) ગુજરાતી ભાષા માટેના પ્રશ્નપત્ર ૫-નું ધોરણ અને અભ્યાસક્રમનું વિષયવસ્તુ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના ગુજરાતી વિષય (ઉચ્ચતર સ્તર)ને સમકક્ષ રહેશે.

(૨) અંગ્રેજી ભાષા માટેના પ્રશ્નપત્ર ૫-નું ધોરણ અને અભ્યાસક્રમનું વિષયવસ્તુ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના બારમા ધોરણના અંગ્રેજી વિષય (નિમ્ન સ્તર)ને સમકક્ષ રહેશે.

(૨) વ્યક્તિત્વ કસોટી. ૬૦ ગુણ.

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૫ (૧))

અરજીનો નમૂનો

સામાન્ય રાજ્ય સેવામાં, જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨-ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા ખાતે ઉપસ્થિત થવા માટેની અરજી

(ફક્ત અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ભરવું)

૧. સિનિયર સર્વેયરનું પૂરેપૂરું નામ :

(અટક પહેલા લખવી)

(અંગ્રેજીમાં) :

(ગુજરાતીમાં) :

૨. હાલની સ્થળ-નિમણૂક :

(હોદ્દો/કચેરીનું નામ/તાલુકો)

૩. જન્મ તારીખ (તારીખ/મહિનો/વર્ષ) :

૪. (૧) જિલ્લાનું નામ :

(૨) પ્રતિનિયુક્તિ હોય તેવા કિસ્સામાં કચેરીનું નામ. :

૫. સિનિયર સર્વેયર સંવર્ગમાં નિમણૂકની તારીખ. :

૬. સેવામાં પાંચ વર્ષ પૂરા કર્યાની તારીખ (બિન-પગારી રજાના સમયગાળાને બાદ કરતા, જો કોઇ હોય તો) :

૭. પ્રવરતા ક્રમાંક (જો પ્રસિદ્ધ કરેલ હોય તો) :

૮. શૈક્ષણિક લાયકાત

(સ્નાતકની પદવી)

(ક) પદવીની વિગતો :

(ખ) યુનિવર્સિટીનું નામ :

(ગ) ઉત્તીર્ણ કર્યાનું વર્ષ :

(પદવી પ્રમાણપત્ર અને

આખરી વર્ષની માર્કશીટની નકલ બિડવી

(બે નકલ))

૯. અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત :
આદિજાતિ વર્ગના છો કે કેમ. (જો હા,
તો વિગતો આપો અને પ્રમાણપત્ર
બિડવું) (બે નકલ)

૧૦. પરીક્ષા ફી.

(૧) રકમ (રૂપિયામાં) :

(૨) ચુકવણીનો પ્રકાર :

૧૧. ખાતાકીય જમીન દફતર ઉચ્ચતર શ્રેણી લાયકી :
પરીક્ષા પાસ કર્યાની વિગતો.

(ક) પાસ કર્યાની તારીખ :

(ખ) લીધેલી તકોની સંખ્યા :

૧૨ કોમ્પ્યુટર ક્ષમતા અંગેની પરીક્ષા :
પાસ કર્યાની વિગતો (CCC+).
(પરિણામની નકલો બિડવી)

(૧) સંસ્થાનું નામ :

(૨) પરિણામની તારીખ :

તારીખ:

સ્થળ: (ઉમેદવારની સહી)

પરિશિષ્ટ-૩

(જુઓ નિયમ ૫(૧))

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે .................. જિલ્લાના સિનિયર સર્વેયર શ્રી./ શ્રીમતી./ કુમારી. ....................................... જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ (ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા) નિયમો, ૨૦૨૪ની જોગવાઇઓ હેઠળ જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨ ની જગા પર બઢતી માટેની ખાસ સ્પર્ધાત્મક પરીક્ષા ખાતે ઉપસ્થિત થવા માટે પાત્ર છે.

પરિશિષ્ટ-૨માં તેમની અરજીના નમૂનામાં આપેલ માહિતીની આ કચેરીના રેકર્ડ સાથે ખરાઇ કરવામાં આવેલ છે અને તે માહિતી સાચી હોવાનું જણાય છે.

સ્થળ:

તારીખ: જમીન દફતર અધીક્ષક,

જિલ્લો :.....................

એનેક્ષર

(જુઓ નિયમ ૨(ગ))

| અનુક્રમાંક | જગાનું નામ |
|---|---|
| ૧. | જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨. |
| ૨. | સિટી સરવે અધીક્ષક, વર્ગ-૨. |
| ૩. | સરવે મામલતદાર, વર્ગ-૨. |
| ૪. | મદદનીશ એકત્રીકરણ અધિકારી, વર્ગ-૨. |
| ૫. | કચેરી અધીક્ષક, વર્ગ-૨. |
| ૬. | તપાસ અધિકારી, વર્ગ-૨. |
| ૭. | ખાસ જિલ્લા જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨. |
| ૮. | મદદનીશ નિયામક, વર્ગ-૨. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**પ્રેરક જે. પટેલ,**

સરકારના નાયબ સચિવ.

--------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.01.30 22:08:55 IST